BRAMPTON Service and Information Update

# COVID-19 સામે પ્રતિક્રિયા કરવામાં જૂન 28, 2021 થી અમલમાં આવતા બ્રેમ્પટન ટ્રાન્ઝિટ સર્વિસમાં ફેરફારો

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (જૂન 17, 2021) – આપણી ટ્રાન્ઝિટ સિસ્ટમ શહેરની આસપાસ લોકોને કાર્યક્ષમ રીતે હેરફેર કરાવી શકતી હોવાની ખાતરી કરાવવા, નીચેના બ્રેમ્પટન ટ્રાન્ઝિટ રૂટ્સના સમયપત્રકો જૂન 28, 2021 થી આગળ સૂચના આપવામાં આવે નહિ ત્યાં સુધી સમાયોજિત કરવામાં આવશે:

- **17 હાઉડન**: વીકડેઝ (અઠવાડિક કામકાજના દિવસો) સમયપત્રકો સમાયોજિત
- **23 સેન્ડલવૂડ**: વીકડેઝ, શનિવાર અને રવિવારે સમયપત્રકો સમાયોજિત કર્યા અને નવી ઈલેક્ટ્રિક બસો આ રૂટ પર દોડાવવામાં આવશે.
- **115 પીયરસન એરપોર્ટ એક્સપ્રેસ**: વીકડેઝ (અઠવાડિક કામકાજના દિવસો), શનિવાર અને રવિવારના સમયપત્રકો સમાયોજિત
- **200-217 i-Ride સ્કૂલ રૂટ્સ** અને 4/4A, 7/7A, 9, 21, 32 અને 57 પર વધારાની સ્કૂલ ટ્રિપ્સ રદ કરવામાં આવી છે.

કૃપા કરી પ્રવાસ કરતા પહેલાં રૂટના સમયપત્રકો તપાસો. બ્રેમલી, બ્રેમ્પટન ગેટવે અને ડાઉનટાઉનમાં ટર્મિનલ બિલ્ડિંગના કામકાજના કલાકો સવારે 6 થી રાત્રે 9 વાગ્યા સુધી છે. ટ્રિનિટી કોમન ટર્મિનલ બંધ રહે છે. ટર્મિનલ્સમાં ગ્રાહક સેવાના કલાકો માટે વેબસાઈટ જુઓ, www.bramptontransit.com.

સીનિયર આઈડી રિન્યુઅલ અરજીઓ ઓનલાઈન સ્વીકારવામાં આવી રહી છે. વેબસાઈટ bramptontranist.com પર ફેર્સ (ભાડા) નીચે રિન્યુઅલ એપ્લિકેશન ફોર્મ ભરો. તમારું નવું સીનિયર આઈડી કાર્ડ તમને પોસ્ટથી મોકલવામાં આવશે.

આપણે સૌએ આપણાં સમુદાયને સુરક્ષિત રાખવા આપણો ભાગ ભજવવાની જરૂર છે. કૃપા કરી યાદ રાખશો:

- ટર્મિનલ્સ પર અને બસમાં પ્રવાસ કરતી વખતે માસ્ક્સ પહેરવા અનિવાર્ય છે, માસ્ક્સ ચુસ્તપણે બંધબેસતા અને બધાં સમયે તમારું નાક, મોઢું અને દાઢી ઢંકાયેલું હોવું જોઈએ.
- ટર્મિનલ્સ અને બસ સ્ટોપ્સ પર માસ્ક પહેર્યો હોય તો પણ, વ્યક્તિઓ વચ્ચે શારીરિક અંતર જાળવો.
- પ્રવાસ કરતી વખતે તમારું પોતાનું અંગત ડિસઈન્ફેક્ટન્ટ (ચેપનાશક પદાર્થ), જેમ કે હેન્ડ સેનિટાઈઝર કે વાઈપ્સ સાથે રાખો, અને પોતાના હાથ અવારનવાર ધોતા રહો.
- જો તમે બીમાર હો તો, કૃપા કરી ટ્રાન્ઝિટમાં સવારી કરવાનું ટાળો. સૌથી નજીકની COVID-19 એસેસમેન્ટ સાઈટ પર પરીક્ષણ ચોક્કસ કરાવો અને જાહેર આરોગ્ય સૂચનો અનુસરો.

## COVID-19 સુરક્ષા ઉપાયો

વધારે સારી સફાઈ અને સ્વચ્છતા (સેનિટાઈઝિંગ) સમયપત્રક અમલમાં રહે છે. બ્રેમ્પટન ટ્રાન્ઝિટનું લક્ષ્ય તમામ સખત સપાટીઓ, ઓપરેટર કમ્પાર્ટમેન્ટ્સ અને બેઠકોને દર 48 કલાકે ચેપરહિત કરવાનું છે. મોટા ભાગની બસોને હાલમાં દર 24 કલાકે સેનિટાઈઝ કરવામાં આવે છે. સખત સપાટીઓ ધરાવતી સગવડો અને ટર્મિનલ્સને રોજીંદા ધોરણે સાફ અને સેનિટાઈઝ કરવામાં આવે છે.

પીલ પબ્લિક હેલ્થના માર્ગદર્શન પ્રમાણે, ઉતારુઓને યાદ અપાવવામાં આવે છે કે બસોમાં અને ટર્મિનલ્સ પર માસ્ક્સ પહેરવા અનિવાર્ય છે. સીટી ઓફ્ બ્રેમ્પટન જોખમો પર દેખરેખ ચાલુ રાખવા પીલ પબ્લિક હેલ્થ અને બ્રેમ્પટન ઈમરજન્સી મેનેજમેન્ટ ઓફિસમાં પોતાના ભાગીદારો સાથે ઘનિષ્ઠપણે કામ કરી રહ્યું છે.

અદ્યતન માહિતી નિયમિત મેળવવા વેબસાઈટ www.brampton.ca/COVID19 અને www.bramptontransit.com જોતા રહો અથવા સર્વિસ અપડેટ્સ માટે Twitter પર @bramptontransit ને અનુસરો . કોઈ પ્રશ્નો સીધા બ્રેમ્પટન ટ્રાન્ઝિટના સંપર્ક કેન્દ્રને 905.874.2999 નંબર પર પૂછી શકાય છે.

-30-

**મિડિયા સંપર્ક :**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ્ બ્રેમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca